*This Question Paper contains 7 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. :

# 148(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 62 પ્રશ્નો છે.
2) જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
3) વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. દરેકના 1 ગુણ છે.** **[20]**

1) માનવ ભૂગોળમાં કેન્દ્ર સ્થાને છે –
   (A) પૃથ્વી
   (B) ભૌતિકતત્વો
   (C) ઉદ્યોગ
   (D) માનવ

2) યહૂદીઓએ પશ્ચિમ એશિયાના રણ વિસ્તારમાં કયો નવો દેશ વસાવ્યો ?
   (A) કેન્યા
   (B) યુગાન્ડા
   (C) ઈઝરાયલ
   (D) અફઘાનિસ્તાન

3) માહિતી ક્રાંતિની શરૂઆત કઈ સદીમાં થઈ ?
   (A) 18 મી સદી
   (B) 20 મી સદી
   (C) 17 મી સદી
   (D) 19 મી સદી



https://www.gujaratboardonline.com

4) ઉચ્ચ કક્ષાના નિર્ણાયકો કઈ પ્રવૃત્તિ સાથે જોડાયેલા ગણાય છે ?

(A) ચતુર્થક (B) પંચમ

(C) તૃતીયક (D) પ્રાથમિક

5) વિશ્વમાં કયા દેશમાં સૌથી ગીચ રેલમાર્ગો આવેલા છે ?

(A) ચીન (B) બ્રાઝિલ

(C) બેલ્જિયમ (D) ભારત

6) ભારતે આર્યભટ્ટ ઉપગ્રહ ક્યારે પ્રક્ષેપિત કર્યો ?

(A) 1981 (B) 1975

(C) 1957 (D) 1979

7) સાર્કનું વડુ મથક ક્યાં આવેલું છે ?

(A) વિયેના (B) દુબઈ

(C) સિંગાપોર (D) કાઠમંડુ

8) લંડન બંદર કઈ નદી પર આવેલું છે ?

(A) હુગલી (B) ટેમ્સ

(C) વેસર (D) ગંગા

9) ચીન અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના મધ્યમાંથી પસાર થતો જૂનો માર્ગ -

(A) ગ્રાંટ રોડ

(B) સમજૌતા માર્ગ

(C) રેશમ માર્ગ

(D) મહા માર્ગ

10) સલાયા કેવા પ્રકારના બંદરનું ઉદાહરણ છે ?

(A) ફેરબદલી માટેનું બંદર

(B) પ્રવાસી બંદર

(C) વાણિજ્ય બંદર

(D) નૌસેના બંદર



https://www.gujaratboardonline.com

11) નીચેનામાંથી કયું સંરક્ષણ કેન્દ્ર નથી ?

(A) દેહરાદૂન

(B) ખડકવાસલા

(C) મુંબઈ

(D) કોચી

12) નીચે આપેલી વિગતોમાં કુદરતી તત્વ કયું છે ?

(A) રેલમાર્ગ

(B) બંધ

(C) અમદાવાદ

(D) પાવાગઢ ડુંગર

13) બહુલક માટે કઈ સંજ્ઞા દર્શાવાય છે ?

(A) Z
(B) X
(C) Y
(D) M

14) દ્વિતીયક માહિતી એટલે શું ?

(A) સંશોધકે એકત્ર કરેલી માહિતી

(B) રૂબરૂ મુલાકાત દ્વારા મેળવેલી માહિતી

(C) પ્રકાશિત સાહિત્યમાંથી લીધેલી માહિતી

(D) અન્યની અપ્રકાશિત માહિતી

15) નાટ્મો સંસ્થા ક્યાં આવેલી છે ?

(A) કોલકાતા
(B) દિલ્હી
(C) દેહરાદૂન
(D) પૂણે

16) એક જ પરિમાણ ધરાવતો આલેખ કયો છે ?

(A) રેખા આલેખ
(B) સાદો સ્તંભ આલેખ
(C) પાઈ ડાયાગ્રામ
(D) વર્તુળ આલેખ

17) GPS પ્રણાલી વિકસાવનાર દેશ કયો છે ?

(A) યુ.એસ.એસ.આર.
(B) યુ.એસ.એ.
(C) આફ્રિકા
(D) જર્મની



https://www.gujaratboardonline.com

18) આંકડાકીય માહિતીનું ઉત્તમ નકશાંકન કરવાની પ્રણાલી કઈ છે ?

(A) GIS (B) IAS

(C) IPS (D) SMS

19) ભીંત - નકશા મુદ્રિત કરવા ઉપયોગી હાર્ડવેર શું છે ?

(A) સ્કેનર (B) ડિજિટાઈઝર

(C) પ્લોટર (D) માઉસ

20) નીચેનામાંથી કયું સોફ્ટવેર નિઃશુલ્ક છે ?

(A) GRASS-GIS (B) GPS

(C) GIS (D) GPRS

## વિભાગ - B

■ **નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો. દરેકના 1 ગુણ છે.** [10]

21) કયા સમય ગાળાને 'સંશોધન યુગ' કહેવાય છે ?

22) ખનીજની વ્યાખ્યા આપો.

23) સિલિકોન વેલી એટલે શું ?

24) વિશ્વની સૌથી લાંબી પાઈપલાઈન કઈ છે ?

25) ભારતમાં આધુનિક પ્રકારની ટેલિફોન સેવાઓના વિકાસમાં કોનો ફાળો છે ?

26) 'વિનિમય વ્યવસ્થા' એટલે શું ?

27) ગ્રિફિથ ટેઈલરે વસાહતની કઈ વ્યાખ્યા આપી છે ?

28) આલેખ એટલે શું ?

29) મધ્યકનું સૂત્ર આપો.

30) GIS નું પુરું નામ જણાવો.



https://www.gujaratboardonline.com

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 42 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** **[16]**

31) ભારતના ભાષાકીય માળખાનો ખ્યાલ આપો.

32) દ્વિતીયક પ્રવૃત્તિનાં લક્ષણો આપો.

33) 'ખનન' એટલે શું ? તેના પ્રકાર લખો.

34) પંચમ પ્રવૃત્તિ એટલે શું ?

35) સંચાર એટલે શું ? તેનાં સાધનો જણાવો.

36) ઈ-મેઈલ વિશે માહિતી આપો.

37) બંદરોના પ્રકાર જણાવો.

38) શહેરી વસાહતોના માપદંડ જણાવો.

39) છૂટી-છવાઈ માનવ વસાહત એટલે શું ?

40) સંસાધનોનું વર્ગીકરણ કરો.

41) સારણીકરણ વિશે માહિતી આપો.

42) ટપકું પધ્ધતિમાં ટપકાં મૂકતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 43 થી 54 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો. દરેકના 3 ગુણ છે.** https://www.gujaratboardonline.com **[24]**

43) માનવ ભૂગોળનાં ત્રણ કાર્યો સ્પષ્ટ કરો.

44) ખેતી આધારિત આનુષંગિક પ્રવૃત્તિઓ જણાવો.

45) ઉદ્યોગોનું વર્ગીકરણ જણાવી 'ગૃહઉદ્યોગ' વિશે સમજ આપો.

46) ઉચ્ચસ્તરીય સેવાઓ જણાવો.



https://www.gujaratboardonline.com

47) 'સુએઝ નહેર' વિશે ટૂંક નોંધ લખો.

48) પરિવહન સંબંધી સમસ્યાઓનો ઉકેલ જણાવો.

49) ફિલ્મ ઉદ્યોગ વિશે વિસ્તૃત ચર્ચા કરો.

50) ધ્વનિ પ્રદૂષણની અસરો જણાવો.

51) ગંદાપાણીના નિકાલની સમસ્યાઓ જણાવો.

52) નીચેની આપેલી આંકડાકીય માહિતીનો મધ્યસ્થ શોધો -

140, 150, 280, 185, 300, 156, 230

53) નીચે આપેલાં કૃષિ ઉત્પાદનોની આંકડાકીય માહિતીને આધારે વિભાજિત વર્તુળ આલેખની રચના કરો :

| કૃષિ પાક | ઘઉં | કપાસ | જુવાર | મગફળી | મગ |
|---|---|---|---|---|---|
| ઉત્પાદન (ટનમાં) | 35 | 30 | 20 | 10 | 05 |

**અથવા**

નોંધ : દષ્ટિહીન વિદ્યાર્થીઓને નીચેના પ્રશ્નક્રમાંક 53 નો ઉત્તર આપવાનો રહેશે.

53) વિતરણની દષ્ટિએ સંસાધનના પ્રકાર જણાવો.

54) પ્રવાહ આલેખની લાક્ષણિકતાઓ જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 55 થી 61 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના સવિસ્તાર પૂર્વક ઉત્તર આપો. દરેકના 5 ગુણ છે. (નકશાપૂર્તિનો પ્રશ્ન નં. 62 ફરજિયાત છે.)** [30]

55) માનવ વિકાસ એટલે શું ? તેના માપન વિશે સમજૂતી આપો.

56) પરિવહનનો અર્થ સમજાવી વિશ્વના મુખ્ય સડકમાર્ગો વિશે જણાવો.

57) વિશ્વના મહત્વના રેલમાર્ગો વિશે સવિસ્તાર નોંધ લખો.

58) શહેરીકરણની સમસ્યાઓની વિસ્તૃત ચર્ચા કરો.

59) 'જળપ્રદૂષણ' સમજાવી તેને નિવારવાના ઉપાયો સૂચવો.

60) ભૂમિ સંસાધન સાથે જોડાયેલી સમસ્યાઓ વિસ્તારથી સમજાવો.



https://www.gujaratboardonline.com

61) ગરીબીનો અર્થ સમજાવી તે દૂર કરવાના ઉપાયો જણાવો.

62) તમને આપવામાં આવેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સ્થાને દર્શાવો :

(i) ભારતમાં સૌથી વધુ જાતિ પ્રમાણ ધરાવતું રાજ્ય

(ii) રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર - 1

(iii) ભારતનું એકમાત્ર નદી બંદર

(iv) ભારતનું કોઈપણ એક ઔદ્યોગિક કેન્દ્ર

(v) અમૂલ ડેરી

નોંધ : દષ્ટિહીન વિદ્યાર્થીઓએ નીચેના પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

(i) ભારતમાં સૌથી વધુ જાતિ પ્રમાણ ધરાવતું રાજ્ય કયું છે ?

(ii) રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર - 1 કયા બે શહરોને જોડે છે ?

(iii) ભારતનું એકમાત્ર નદી બંદર કયું છે ?

(iv) ભારતનું કોઈપણ એક ઔદ્યોગિક કેન્દ્ર જણાવો.

(v) અમૂલ ડેરી કયા શહેરમાં આવેલી છે ?

◆◆◆



https://www.gujaratboardonline.com